ક્રમાંક;મઉમશબ/શાનિ/જુન-૧૯૪૨૯૬/૨૨૧-૨૮
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેક્ટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા:- ૦૮/૦૨/૧૯

પ્રતિ
નિયામકશ્રી
શાળાઓની કચેરી
બ્લોક નં:-૯/૧લો માળ
જુના સચિવાલય
ગાંધીનગર

વિષય:-માન.ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં નોંધાયેલ ટ્રસ્ટો ધ્વારા અન્ય ટ્રસ્ટોને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનો વહીવટ તબદીલ કરવા બાબત.

સંદર્ભ:-૧) અત્રેની કચેરીના તા.૨૫/૧૦/૨૦૧૮ના પત્ર ક્રમાંક:-મઉમશબ/૨૦૧૮/૨૪૩૫ થી ચેરીટી કમિશનરશ્રીને લખેલ પત્ર.

૨) ચેરીટી કમિશનરશ્રી, ગુજરાત રાજયનો તા.૩૦/૧૦/૨૦૧૮નો પત્ર જાવક નં:-૧૯૧૦૧/૨૦૧૮.

મે.સાહેબશ્રી

સવિનય સહ ઉપરોકત વિષય અને સંદર્ભ બાબત જણાવવાનું કે સંદર્ભ-૧ના તા.૨૫/૧૦/૨૦૧૮ના પત્રથી ચેરીટી કમિશ્નરશ્રીને શાળાના વહીવટ બદલવા સ્પષ્ટતા કરવા બાબતે પત્ર લખેલ છે.તેના આધારે ચેરીટી કમિશ્નરશ્રીએ તા.૩૦/૧૦/૨૦૧૮ના પત્રથી ચેરીટી કમિશ્નરના નોંધાયેલ ટ્રસ્ટને અન્ય ટ્રસ્ટને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વહીવટ તબદીલ કરવા બાબતે પ્રત્યુત્તર પાઠવેલ છે તેની નકલ આ સાથે સામેલ છે.

ક્રમાંક: માવિ.૬/પરિપત્ર/૨૦૧૯/ ૬૩૧૫૫—૬૩૬૫૫

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા,પાલનપુર
તા.૧૩/૦૩/૨૦૧૯

**<u>નકલ રવાના જાણ તથા અમલ સારૂ:</u>**

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ,
મા. અને ઉ.મા. શાળાઓ, તમામ બનાસકાંઠા જિલ્લો

વાય. એમ. શુકલ,
ચેરિટી કમિશ્નર,
ગુજરાત રાજય.

જાવક નંબર : 16202/૨૦૧૮
ચેરિટી કમિશ્નરની કચેરી, ગુજરાત રાજય,
બહુમાળી ભવન-૨, ત્રીજો માળ, ગુરૂકુળ પાસે,
ડ્રાવઇન રોડ અમદાવાદ.
ફોન: (૦૭૯) ૨૭૯૧૧૭૩૮, (ફેકસ) ૨૭૯૧૧૭૬૧
(મો) ૯૯૭૮૪૦૫૬૩૭ (ઓફીસ)
(મો) ૯૮૨૫૪૧૩૧૨૦ (પર્સનલ)

તારીખ: ૩૦/૧૦/૨૦૧૮.

પ્રતિ,
શ્રી એ. જે. શાહ,
અધ્યક્ષશ્રી,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ,
સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર.

ગુ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર
શાખા....અ. શ્રી.......
- 6 NOV 2018
સહી.........
ઇનવર્ડ નંબર....2644....

વિષયઃ- ગ્રાન. ચેરિટી કમિશ્નરશ્રીની કચેરીમાં નોંધાયેલ ટ્રસ્ટો દ્વારા અન્ય ટ્રસ્ટોને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનો વહીવટ તબદીલ કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વેના આપશ્રીના તા.૨૫/૧૦/૧૮ ના પત્ર નં.મઉમશબ/૨૦૧૮/૨૪૩૫ ના અનુસંધાને જણાવવાનું કે, ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ ની જોગવાઇ હેઠળ નોંધાયેલ ટ્રસ્ટ દ્વારા અન્ય ટ્રસ્ટને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનો વહીવટ સોંપી શકે નહીં. આ ઉપરાંત ટ્રસ્ટ અધિનિયમની જોગવાઇ મુજબ નોંધાયેલ ટ્રસ્ટના નામમાં કે તેના નોંધણી નંબરમાં પણ અધિનિયમની જોગવાઇ મુજબની કાર્યવાહી કર્યા સિવાય ફેરફાર થઇ શકે નહીં. માત્ર ટ્રસ્ટ નોંધણી અધિનિયમની જોગવાઇ મુજબ જે તે ટ્રસ્ટની અનુગામી ટ્રસ્ટી નિમવાની રીત મુજબ ટ્રસ્ટીઓમાં ફેરફાર થઇ શકે છે તેમજ ટ્રસ્ટની સ્થાવર જંગમ મિલકતમાં પણ ટ્રસ્ટ અધિનિયમની કલમ-૩૫ અને ૩૬ મુજબ પરવાનગી મેળવ્યા સિવાય કોઇ ફેરફાર થઇ શકે નહીં કે વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય રીતે તબદીલ થઇ શકે નહીં.

આ ઉપરાંત ટ્રસ્ટ સંચાલિત શાળાની મંજુરી આપતી વખતે કે ગ્રાન્ટ આપતી વખતે ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ ની જોગવાઇઓ મુજબ નીચે મુજબ તકેદારી રાખવી જરૂરી છે.

(૧) ટ્રસ્ટને શાળાની મંજુરી આપતી વખતે ટ્રસ્ટ નોંધણી પ્રમાણપત્ર તેમજ ટ્રસ્ટડીડ/બંધારણ/ મેમોરેન્ડમ ઓફ એસોસીએશન અને ધારાધોરણની પ્રમાણિત નકલ મેળવવી.
(૨) સંસ્થાના છેલ્લા સુધારા વધારા સાથેના પી.ટી. રજીસ્ટરની પ્રમાણિત નકલ.
(૩) ટ્રસ્ટ તથા સંચાલિત સંસ્થાના શાખાઓના હિસાબો જે તે કચેરીમાં નિયમિત રજુ થયેલ છે કે કેમ તે અંગે પરિશિષ્ટ-૧૦ ની પ્રમાણિત નકલ.

(૪) ટ્રસ્ટ સબંધે ચેરિટી કમિશનરની કચેરી કે અન્ય કોર્ટ કચેરીમાં ટ્રસ્ટ કે ટ્રસ્ટીઓ બાબતે કોઇ વિવાદ ચાલુ છે કે કેમ તે અંગેનું સોગંદનામું.

(૫) ટ્રસ્ટ કે ટ્રસ્ટ સંચાલિત શાળાને ગ્રાન્ટ આપતી વખતે તેવા ટ્રસ્ટીઓ પી.ટી.આર. ઉપર નોંધાયેલ છે કે કેમ તેની ચકાસણી કરવી.

(૬) ટ્રસ્ટને શાળાની મંજુરી આપવામાં આવે ત્યારે તેવી શાળાના તમામ સાહિત્ય ઉપર માતૃ સંસ્થાનું નામ તથા નોંધણી નંબર દર્શાવવામાં આવે તે ફરજીયાત કરવું.

(૭) ટ્રસ્ટ અધિનિયમની જોગવાઇ મુજબ ટ્રસ્ટી ટ્રસ્ટમાં કે સંચાલિત શાળામાં સવેતનથી નોકરી કરી શકે નહીં કે અન્ય લાભ મેળવી શકે નહીં. ઘણી શાળાઓમાં ટ્રસ્ટીઓ પ્રિન્સીપાલ કે શિક્ષક તરીકે ફરજો બજાવતા હોય છે જેથી તે બાબતે વિચારણા થવી આવશ્યક છે.

આપનો વિશ્વાસુ,

(વાય. એમ. શુકલ)
ચેરિટી કમિશનર,
ગુજરાત રાજય, અમદાવાદ.